# BUSINESS મિત્ર

## પ્રાયમરી બજારની હાલત ખરાબ: દર ત્રણમાંથી બે IPO ઇશ્યૂ ભાવથી નીચે જોવાયા

**તાજેતરમાં** આઇપીઓ લાવનારા 15 કંપનીઓના ભાવ ઇશ્યૂ પ્રાઇઝથી 50 ટકા નીચે જોવાયા

**વૈશ્વિક** અનિશ્ચિતતાના માહોલમાં રોકાણકારો આઇપીઓ બજારથી અળગા રહેતા જોવા મળ્યા છે

મુંબઇ, તા. 4: છેલ્લા એક વર્ષથી વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના લીધે ભારતીય શેરબજારમાં વધઘટે નીચે સરકતા જોવા મળી રહ્યા છે, સેકેન્ડરી બજારની ખરાબ હાલત પ્રાયમરી બજાર ઉપર જોવા મળી રહી છે અને રોકાણકારો આઇપીઓ બજારથી અળગા રહેતા જોવા મળ્યા છે. જેના લીધે દર ત્રણમાંથી લગભગ બે આઇપીઓના શેર તેમના ઇશ્યૂ ભાવથી નીચે ટ્રેડ કરી રહ્યા છે, જે નબળા બજાર ભાવનાને પ્રતિબિંબિત કરે છે. ગયા વર્ષે લિસ્ટેડ થયેલી લગભગ 66 ટકા કંપનીઓના શેર તેમના આઈપીઓ ઓફર ભાવથી નીચે ટ્રેડ થઈ રહ્યા છે. મોટાભાગના આઈપીઓ રોકાણકારો નિરાશ છે. આશરે 15 કંપનીઓના શેર તેમના ઇશ્યૂ ભાવથી ઓછામાં ઓછા 50 ટકા નીચે ટ્રેડ થઈ રહ્યા છે. ગ્લોટિસ, વીએસએમ ટીએમટી, મંગલ ઈલેક્ટ્રિકલ, જિંકુશાલ ઈન્ડસ્ટ્રીઝ અને શ્રી રામ ટ્વિસ્ટેક્સના શેરોએ રોકાણકારોના પૈસા 70 ટકા સુધી ગુમાવ્યા છે. આ આઈપીઓ બજારની બદલાતી ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે, જે તાજેતરમાં સુધી સમૃદ્ધ હતું, જ્યારે ઘણા આઈપીઓ નોંધપાત્ર પ્રીમિયમ પર લિસ્ટેડ થયા હતા. છેલ્લા 12થી 18 મહિનાથી શેરબજાર દબાણ હેઠળ છે. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં તીવ્ર ઘટાડો થયો છે. મોટાભાગના આઈપીઓ આ બે સેગમેન્ટમાં હતા, જેના કારણે તેમના શેરના ભાવ ઘટાડાથી વધુ પ્રભાવિત થયા હતા. આના કારણે રોકાણકારોના વર્તનમાં પણ પરિવર્તન આવ્યું છે. પહેલા રોકાણકારો આઈપીઓને ઝડપી પૈસા કમાવવાના સાધન તરીકે જોતા હતા. હવે, તેઓ આઈપીઓમાં રોકાણ કરવામાં ખચકાટ અનુભવી રહ્યા છે.

વિશ્લેષકો કહે છે કે રોકાણકારો આઈપીઓમાં રોકાણ કરવામાં સાવધાની રાખી રહ્યા છે. ખાસ કરીને તાજેતરના બજારમાં ઘટાડા પછી, રોકાણકારોનું વર્તન બદલાઈ રહ્યું છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષની અસર ફક્ત શેરો પર જ નહીં પરંતુ સોના અને બોન્ડ જેવી અન્ય સંપત્તિઓ પર પણ પડી છે. ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને નબળા રૂપિયાને કારણે ફુગાવો વધવા, વૃદ્ધિ ધીમી પડવા અને મૂડી બહાર નીકળવાનું જોખમ વધ્યું છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં લોન્ચ થયેલા ઘણા આઈપીઓને ખૂબ ઓછો પ્રતિસાદ મળ્યો છે. આઈપીઓ શેરના લિસ્ટિંગ વિશે માહિતી આપતું ગ્રે માર્કેટ પણ નબળાઇ બતાવી રહ્યું છે. ઘણા આઈપીઓ શેરના જીએમપી નકારાત્મક અથવા ખૂબ ઓછા રહ્યા છે. આ આઈપીઓ અંગે નબળા સેન્ટિમેન્ટ દર્શાવે છે. બોનાન્ઝા પોર્ટફોલિયોના સંશોધન વિશ્લેષક ખુશી મિસ્ત્રીએ જણાવ્યું હતું કે રોકાણકારોની જોખમ લેવાની ક્ષમતા ઘટી છે, જેની આઈપીઓ બજાર પર અસર પડી રહી છે.

## સર્ચની કાર્યવાહી ગેરકાયદેસર હોવાથી કલમ 74 હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ નોટિસ ગેરકાયદેસર ન કહી શકાય

### નામદાર કર્ણાટક હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

કલમ 67માં અધિકારીને તપાસ સર્ચ અને જપ્તીની સત્તા આપવામાં આવેલ છે. ત્યારે બની શકે આવી કાર્યવાહીમાં અધિકારી દ્વારા અનિયમિતતા થયેલ હોય. આમ છતાં આ કાર્યવાહીમાંથી મળેલ માહિતી અને પૂરાવાઓને આધારે GST કાયદાની કલમ 74 હેઠળની કારણદર્શક નોટિસ ગેરકાયદેસર ન કહી શકાય એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં ના. કર્ણાટક હાઈકોર્ટે આપ્યો છે. ખેર ! ના. કર્ણાટક હાઈકોર્ટના એડીશનલ કમિશ્નર સેન્ટ્રલટેક્ષ વિ. વિઘ્નેશ્વર ટ્રાન્સપોર્ટ કું. રીટ અપીલનાં 101ય2025ના તા. 11-2-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએતો.

**હકીકત...**

આ કેસમા ટ્રાન્સપોર્ટ કંપની સામે નકલી ઈન્વોઈસ અને ઈ-વે-બિલના દૂર-ઉપયોગ દ્વારા GSTની ચોરીનો આરોપ હતો. આ માટે અલગ કમિશ્નરેટ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને દસ્તાવેજી પૂરાવાઓ એકઠા કરવામાં આવ્યા હતા. આવા પૂરાવાને આધારે GST કાયદાની કલમ 74 હેઠળ આકારણી માટે કારણદર્શક નોટિસ આપવામાં આવી, જેને હાઈકોર્ટ સમક્ષ રીટ કરી પડકારવામાં આવી અને અરજદાર રજૂઆત કરવામાં આવી કે તપાસ કરનાર અધિકારી પાસે અધિકારક્ષેત્ર હતું નહીં અને ગેરકાયદેસર સર્ચમાંથી મળેલ પૂરાવાનો ઉપયોગ થઈ શકે નહીં, ના. સીંગલ જજે નોંધ્યું કે અન્ય ઉધાર લેવાયેલ સંતોષ- Borrowed Setisfaltin પર અપાયેલ આ નોટિસ છે અને ના. સીંગલ જજ દ્વારા બજાવવામાં આવેલ નોટિસ રદ કરવામાં આવી અને જપ્ત સામગ્રી પરત કરવા હુકમ કરવામાં આવેલ. આ ચૂકાદાથી નારાજ સરકારશ્રી તરફથી બે જજની બેન્ચ સમક્ષ અપીલ કરવામાં આવી.

**સરકાર તરફથી દલીલ...**

સરકારશ્રી તરફથી રજૂઆત કરવામાં આવી કે આ કેસમાં ફરત જે અધિકારીને સત્તા છે તેમના દ્વારા સ્વતંત્રપણે કાર્યવાહી કરીને કારણદર્શક નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે. સંબંધિત વ્યકિતઓના નિવેદનો લેવામાં આવેલ છે અને સર્ચમાં મળેલ પૂરાવાઓને આધારે નોટિસ બજાવવામાં આવેલ છે અને જે માહિતીને આધારે નોટિસ બજાવવામાં આવી છે તેની કોપી કરદાતાને આપવામાં આવી છે. આથી સીંગલ જજ દ્વારા આપવામાં આવેલ ચૂકાદો રદ કરવો જોઈએ અને નોટિસ પુનઃ સ્થાપિત કરવી જોઈએ.

**ચૂકાદો...**

ના.હાઈકોર્ટે કાયદાની કલમ 67 અને74 ધ્યાને લીધી. કલમ 67માં અધિકારીને તપાસ કરવાની અને ચોપડા વિ. જપ્ત કરવાની સત્તા છે. તો કલમ 74 હેઠળ શરૂ કરવામાં આવેલ કાર્યવાહી કલમ 67 આધારિત નથી. કલમ 74 ની કાર્યવાહી એક કાર્યવાહી છે અને કલમ 67ની કાર્યવાહીમાં કોઈ અનિયમિતતા હોય તેથી કલમ 74ની કાર્યવાહી ગેરકાયદેસર ગણી શકાય નહીં.

ના. હાઈકોર્ટે ના. સુપ્રિમકોર્ટના પૂરણમસના ચૂકાદાનો આધાર લીધો. ના. સુપ્રિમકોર્ટે ઠરાવેલ કે પૂરાવા ગેરકાયદેસર સર્ચ I જપ્તી દ્વારા પ્રાપ્ત થયેલ હતા. તે કારણે તે અસ્વીકાર્ય નથી. કલમ 67 અને કમલ 74 એબે અલગ ક્ષેત્રમાં કાર્યરત છે. અને અંતે ના. હાઈકોર્ટે રીટ-પીટીશન મંજૂર કરી ના.સીંગલ જજનો તા. 28-11-24નો ઓર્ડર દૂર કર્યો. આદેશ ખોટો ઠરાવી બજાવવામાં આવેલ કારણદર્શક નોટિસ માન્ય રાખી, કરદાતાને નોટિસનો જવાબ આપવા, 15 દિવસનો સમય આપેલ છે અને કાયદા અનુસાર કાર્યવાહી કરવા ખાતાને છૂટ આપી.

## પશ્ચિમ એશિયાના તણાવથી વૈશ્વિક અર્થતંત્રની સ્થિરતા માટે ખતરો: ઈયુ પ્રમુખ

**હોર્મુઝના** જળમાર્ગમાં વહાણવટાની સ્વતંત્રતા ફરી સ્થાપિત કરવા માટે ૩૫ દેશો સાથે મળીને યુકે પ્રયાસો કરી રહ્યું છે

નવી દિલ્હી, તા. 4: ઈયુ પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને એક્સ પર લખ્યું કે, કીર સ્ટારમર સાથે સારી વાતચીત થઈ. અમે મધ્ય પૂર્વ અને હોર્મુઝ સ્ટ્રેટની પરિસ્થિતિ પર ચર્ચા કરી. ઈરાનના હુમલાઓ વૈશ્વિક આર્થિક સ્થિરતાને જોખમમાં મુકી રહી છે. અમે અમારા ભાગીદારો સાથે કામ કરીશું જેથી ખાતરી કરી શકાય કે નેવિગેશનની સ્વતંત્રતા શક્ય તેટલી વહેલી તકે પુનઃસ્થાપિત થાય. તેણીએ ઉમેર્યું, અમે આગામી ઇયુ-યુકે સમિટ વિશે પણ ચર્ચા કરી. ગયા વર્ષની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા અને અમારી ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે આ એક મહત્વપૂર્ણ ક્ષણ છે.

વધુમાં, બ્રિટન હોર્મુઝ સ્ટ્રેટ પર એક વર્ચ્યુઅલ સમિટનું આયોજન કરશે, જેમાં 35 દેશોના પ્રતિનિધિઓને એકઠા કરીને મહત્વપૂર્ણ જળમાર્ગને ફરીથી ખોલવા માટે રાજદ્વારી અને રાજકીય વિકલ્પોની ચર્ચા કરવામાં આવશે. આ બેઠક એવા સમયે આવી છે જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુરોપિયન સાથી દેશોની ટીકા કરી છે, અને તેમને પોતાને બચાવવાનું શીખવા વિનંતી કરી છે.

યુકેના પીએમ કીર સ્ટાર્મરે બુધવારે જાહેરાત કરી, યુકેના વિદેશ સચિવ યવેટ કૂપર એક બેઠકનું આયોજન કરશે જે પ્રથમ વખત બધા દેશોને હોર્મુઝ સ્ટ્રેટ સંબંધિત ચિંતાઓની ચર્ચા કરવા અને તેને દૂર કરવા માટે એકસાથે લાવશે. એક બ્રિટિશ અધિકારીએ યુએસ મીડિયા સીએનએનને જણાવ્યું હતું કે બ્રિટન આ પહેલ પર યુએસ સાથે કામ કરવાનું ચાલુ રાખશે, જે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ સહિત અન્ય મુખ્ય ભાગીદારોને પણ એકસાથે લાવે છે. સ્ટાર્મરે કહ્યું કે લશ્કરી આયોજકોને પણ સમિટમાં આમંત્રિત કરવામાં આવશે જેથી તેઓ જોઈ શકે કે સંઘર્ષ સમાપ્ત થયા પછી આપણે આપણી ક્ષમતાઓ કેવી રીતે તૈયાર કરી શકીએ અને સ્ટ્રેટને સરળ અને સુરક્ષિત કેવી રીતે બનાવી શકીએ.

## વેદાંતાનું એલ્યુમિનિયમ અને ઝીંકનું ઉત્પાદન વિક્રમી સપાટીએ પહોંચ્યું

**જોકે,** આ સમય દરમ્યાન ઓઇલ એન્ડ ગેસ ઉત્પાદન દબાણ હેઠળ રહ્યું હતું

નવી દિલ્હી, તા. 4: માઈનીંગ કંપની વેદાંતા લિ.એ નાણાકીય વર્ષ 2025-26માં મજબૂત ઓપરેશનલ પ્રદર્શન નોંધાવ્યું છે. સમગ્ર વર્ષ દરમ્યાન એલ્યુમિનિયમ, ઝીંક અને કટેલાક ચોક્કસ ઔદ્યોગિક સેગમેન્ટમાં વિક્રમી ઉત્પાદનને કારણે આવું થયું, તે જ સમયે કંપનીનું ઓઈલ અને ગેસ ઉત્પાદન દબાણ હેઠળ રહ્યું હતું. કંપનીએ નાણાકીય વર્ષ 2026માં તેનું અત્યાર સુધીનું સૌથી વધુ વાર્ષિક એલ્યુમિનિયમના ઉત્પાદન નોંધાવ્યું હતું. જે 29.16 લાખ ટન હતું. આ એક વર્ષ અગાઉનની તુલનામાં 48 ટકા વધુ છે. કંપનીએ એકસચેન્જ ફાઈલીંગમાં જણાવ્યું હતું કે, લાંજીગઢ રિફાઈનરીમાં ઉત્પાદનમાં તીવ્ર વધારો મુખ્ય કારણ બન્યું છે.

એલ્યુમિનિયમનું ઉત્પાદન પણ 24.56 લાખ ટનની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યું હતું, મુખ્યત્વે ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારણાને કારણે. આ ગયા વર્ષ કરતાં 1 ટકા વધારે છે. હિન્દુસ્તાન ઝિંકના વ્યવસાયમાં, ખાણમાંથી કાઢવામાં આવેલી ધાતુનું ઉત્પાદન રેકોર્ડ 11.14 લાખ ટન સુધી પહોંચ્યું છે, જે પાછલા વર્ષ કરતાં 2 ટકા વધુ છે. આમાં ઓરની સારી ગુણવત્તા અને ઉત્પાદનના ઊંચા જથ્થાને કારણે ફાળો આપવામાં આવ્યો હતો. ત્રિમાસિક ધોરણે ખાણમાંથી કાઢવામાં આવેલી ધાતુનું ઉત્પાદન રેકોર્ડ 3.15 લાખ ટન હતું.

રિફાઈન્ડ ઝિંકનું ઉત્પાદન 3 ટકા વધીને 8.51 લાખ ટન થયું હતું. બીજી તરફ ચાંદીનું ઉત્પાદન વાર્ષિક ધોરણે 9 ટકા ઘટીને 627 ટન થયું છે. અન્ય સેગમેન્ટમાં, વેદાંતાએ નાણાકીય વર્ષ 2026માં 8.95 લાખ ટન પિગ આયર્નનું રેકોર્ડ ઉત્પાદન નોંધાવ્યું હતું. જે એક વર્ષ પહેલા કરતા 10 ટકા વધારે છે. તે જ સમયે, કોપર કેથોડનું ઉત્પાદન 15 ટકા વધીને 1.70 લાખ ટન થયું છે. ફેરો ક્રોમનું ઉત્પાદન 21 ટકા વધીને 1.01 લાખ ટન થયું છે, જે કાચી ધાતુની ઊંચી ઉપલબ્ધતાને કારણે ફાળો આપે છે. કંપનીના જણાવ્યા અનુસાર, વીજળીનું વેચાણ વાર્ષિક ધોરણે 14 ટકા વધીને 1857.10 મિલિયન યુનિટ થયું છે.

## યુદ્ધ પ્રભાવિત સેક્ટર માટે 2.5 લાખ કરોડ રૂપિયા સુધીની નવી લોન ગેરંટી યોજના જાહેર કરશે

**ટુંકસમયમાં** ભારત સરકાર યોજનાની જાહેરાત કરી શકે છે

નવી દિલ્હી, તા. 4: પશ્ચિમ એશિયાના સંઘર્ષથી પ્રભાવિત સેકટર માટે રાહત આપવા માટે કેન્દ્ર સરકાર નવી ક્રેડિટ ગેરંટી યોજના લાવવાની તૈયારી કરી રહી છે. આ યોજનાનો ઉદ્દેશ ખાસ કરીને એવી કંપનીઓને સરળતાથી ધિરાણ પુરૂ પાડવાનો છે, જે પૂરવઠા સંબંધિત પડકારોની સાથે સાથે કાચા માલ અને લોજિસ્ટિક્સ ખર્ચની વધતી કિંમતથી પરેશાન છે.

એક અહેવાલ અનુસાર, નવી યોજના હેઠળ સરકાર બેથી અઢી લાખ કરોડ રૂપિયાની લોન ગેરંટી આપી શકે છે. તે કોવિડ મહામારી દરમિયાન શરૂ કરવામાં આવેલી ઈમરજન્સી ક્રેડિટ ગેરંટી સ્કીમના મોડેલ પર આધારિત હશે. ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્સિયલ સર્વિસીસ આ યોજના પર કામ કરી રહ્યું છે. એવું માનવામાં આવી રહ્યું છે કે સરકાર આગામી 15 દિવસની અંદર સત્તાવાર જાહેરાત કરી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રાહત પેકેજનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે જે ક્ષેત્રો સપ્લાય ચેઈન વિક્ષેપને કારણે પડકારોનો સામનો કરી રહ્યા છે તેમને રોકડની તંગીનો સામનો કરવો ન પડે અને તેઓ તેમનો વ્યવસાય ચાલુ રાખી શકે. આ યોજના હેઠળ તે કંપનીઓને સરકારની ગેરંટી પર લોન મળશે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, આ યોજનાનો હેતુ કંપનીઓને વિશ્વાસ આપવાનો છે, જેથી તેઓ અનિશ્ચિત વાતાવરણમાં પણ કામ કરવાનું ચાલુ રાખી શકે. પરિસ્થિતિ હજુ બહુ ખરાબ નથી, પરંતુ સરકાર અગાઉથી તૈયારી કરી રહી છે, જેથી અર્થવ્યવસ્થા પર વધુ દબાણ ન આવે. મધ્ય પૂર્વના સંઘર્ષને કારણે તેમના ઉત્પાદનને કેટલી અસર થઈ રહી છે તે શોધવા માટે સરકાર અસરગ્રસ્ત વિસ્તારોનો સંપર્ક કરી રહી છે.

ઈરાન યુદ્ધની સીધી અસર સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો અને નિકાસ પર પડી છે. હેરફેરમાં વિક્ષેપ અને વધતા નૂર દરોને કારણે નિકાસલક્ષી ક્ષેત્રો તણાવમાં છે. એમએસએમઈ ક્ષેત્રને પણ ખરાબ અસર થઈ રહી છે, જે વ્યાજ દરો પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ છે અને જેની કામગીરી સ્થિર રોકડ પ્રવાહ પર નિર્ભર કરે છે. સરકારની નવી ક્રેડિટ ગેરંટી યોજનાથી નાના ઉદ્યોગોને તેમનો વ્યવસાય બચાવવામાં અને કર્મચારીઓને સમયસર પગાર ચૂકવવામાં મદદ મળશે.

કોવિડ સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવેલી ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમે લાખોઉધાર લેનારાઓને મદદ કરી હતી અને એમએસએમઈ સેક્ટરને સ્થિર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, ખાસ કરીને રોગચાળા દરમિયાન. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ 1.19 કરોડ લાભાર્થીઓને રૂ. 3.62 લાખ કરોડની ક્રેડિટ ગેરંટી આપવામાં આવી છે. આનો સૌથી મોટો લાભ MSME ક્ષેત્રને થયો હતો.

વૈશ્વિક અનિશ્ચિતતાઓ અને ભૌગોલિક-રાજકીય તણાવહોવા છતાં ભારતના નિકાસ ક્ષેત્રએ સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. 2025-26માં નિકાસમાં સકારાત્મક વૃદ્ધિ નોંધાવવાની અપેક્ષા છે. વાણિજ્ય મંત્રાલયના અધિકારીના જણાવ્યા અનુસાર, 31 માર્ચ સુધીના વલણોના આધારે, તે સ્પષ્ટ છે કે ઘણા પડકારો હોવા છતાં, નિકાસમાં ઘટાડો થયો નથી. ટેરિફ ઉપરાંત, યુક્રેન યુદ્ધ અને મીડલઈસ્ટના તણાવ જેવા વિવિધ આર્થિક પડકારો છતાં ભારતની મર્ચેન્ડાઈઝ નિકાસે તેમની ગતિ જાળવી રાખી છે.

## ચોથા ક્વાર્ટરમાં એચડીએફસી બેન્કની ડિપોઝીટોમાં 15 ટકાની વૃદ્ધિ જોવા મળી

**જાન્યુઆરીથી** માર્ચમાં એડવાન્સીસમાં 12 ટકાનો વધારો નોંધાયો

મુંબઇ, તા. 4: એચડીએફસી બેન્કે જાન્યુઆરી-માર્ચ 2026 ક્વાર્ટરમાં મજબૂત વૃદ્ધિ નોંધાવી હતી . કુલ એડવાન્સિસમાં 12 ટકા અને કુલ ડિપોઝિટમાં વાર્ષિક ધોરણે 15 ટકાવધારો થયો હતો. આ અપડેટની અસર આગામી સપ્તાહમાં શેરબજારમાં જોવા મળશે.

એચડીએફસી બેંક દ્વારા જાહેર કરાયેલા બિઝનેસ અપડેટ મુજબ, માર્ચ 2026 ક્વાર્ટરમાં સરેરાશ એડવાન્સિસ અંડર મેનેજમેન્ટ રૂ. 29.64 લાખ કરોડ હતું. આ આંકડો ગયા વર્ષના સમાન સમયગાળાના રૂ. 26.96 લાખ કરોડ કરતા આશરે 10 ટકાવધારે છે. પીરિયડ એન્ડ એડવાન્સિસ અંડર મેનેજમેન્ટ વાર્ષિક ધોરણે 10.2 ટકા વધીને આશરે રૂ. 30.58 લાખ કરોડ થયું છે. પીરિયડ એન્ડ ગ્રોસ એડવાન્સિસ આશરે રૂ. 29.60 લાખ કરોડ હતા, જે માર્ચ 2025 ક્વાર્ટરમાં રૂ. 26.44 લાખ કરોડ કરતા 12 ટકા વધારે છે.

એક્સચેન્જ ફાઈલિંગ મુજબ, માર્ચ 2026 ક્વાર્ટરમાં બેંકની સરેરાશ થાપણો વાર્ષિક ધોરણે 12.8 ટકા વધીને રૂ. 28.51 લાખ કરોડ થઈ છે. તે એક વર્ષ પહેલાં રૂ. 25.28 લાખ કરોડ હતી. સરેરાશ ચાલુ ખાતા બચત ખાતાની થાપણો 10.8 ટકા વધીને રૂ. 9.18 લાખ કરોડ થઈ છે, જ્યારે સરેરાશ સમય થાપણો 13.7 ટકા વધીને રૂ. 19.33 લાખ કરોડ થઈ છે. 31 માર્ચ, 2026 સુધીમાં બેંકની ટર્મ એન્ડ ડિપોઝિટ વાર્ષિક ધોરણે 14.4 ટકા વધીને રૂ. 31.06 લાખ કરોડ થઈ છે.

એચડીએફસી બેંકનું માર્કેટ કેપ રૂ. 11.56 લાખ કરોડ છે. આ બેંક દેશની ટોચની 10 સૌથી મૂલ્યવાન કંપનીઓમાંની એક છે. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ જેપી મોર્ગને એચડીએફસી બેંકના શેર પર તેનું રેટિંગ ન્યુટ્રલથી ઓવરવેઈટ કર્યું છે. જેનો લક્ષ્યાંક રૂ. 1010નો નક્કી કર્યો છે. જેફરીઝે એચડીએફસી બેંક પર બાય રેટિંગ પણ જાળવી રાખ્યું છે અને તેનો લક્ષ્યાંક ભાવ રૂ. 1240 છે.

તાજેતરમાં, બેંકના પાર્ટ-ટાઈમ ચેરમેન અને સ્વતંત્ર ડિરેક્ટર અતનુ ચક્રવર્તીએ અચાનક રાજીનામું આપતાં શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો. જોકે, ચક્રવર્તીએ સ્પષ્ટતા કરી હતી કે બેંકના શેર મૂલ્યમાં ઘટાડો તેમના રાજીનામાને કારણે નથી.

## ભારતની ફાર્મા નિકાસ ફેબ્રુઆરી સુધીમાં 28 અબજ ડોલરને પાર

**નાણાકીય** વર્ષ 2026માં રૂપિયાના સંદર્ભમાં વૃદ્ધિની શક્યતા, ડોલરના સંદર્ભમાં લક્ષ્યાંકો પુરા નહીં થાય

મુંબઇ, તા. 4: ભારતની ફાર્માસ્યુટિકલ નિકાસ ગયા નાણાકીય વર્ષમાં ફેબ્રુઆરી સુધીમાં 28 અબજ યુએસ ડોલરથી વધુ રહી છે, જે ગયા વર્ષના સમાન ગાળાની તુલનામાં 5 ટકાથી વધુની વૃદ્ધિ દર્શાવે છે. એમ એક ઉચ્ચ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું. ફાર્માસ્યુટિકલ્સ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર જનરલ કે. રાજા ભાનુએ જણાવ્યું હતું કે, આ ક્ષેત્ર, જે હાલમાં આશરે 60 અબજ ડોલરનું મૂલ્ય ધરાવે છે, તે 2030 સુધીમાં વધીને 130 અબજ ડોલર થવાનો અંદાજ છે.

'ચિંતન શિબિર: સ્કેલિંગ અપ ફાર્મા એક્સપોર્ટ્સ'ના ઉદ્ઘાટન સત્રને સંબોધતાં ભાનુએ જણાવ્યું હતું કે, "વૈશ્વિક પડકારો હોવા છતાં ફાર્માસ્યુટિકલ નિકાસ એ એવા જૂજ ક્ષેત્રોમાંનું એક છે જેણે વૃદ્ધિની ગતિ જાળવી રાખી છે. એપ્રિલ-ફેબ્રુઆરી નાણાકીય વર્ષ 2026 દરમિયાન નિકાસ 28.29 અબજ ડોલર રહી હતી, જે નાણાકીય વર્ષ 2025ના સમાન ગાળાની તુલનામાં 5.6 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. આ વૃદ્ધિ ફોર્મ્યુલેશન્સ, બાયોલોજીકલ્સ, રસીઓ અને આયુષ ઉત્પાદનો દ્વારા સંચાલિત છે." વાણિજ્ય વિભાગના સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, ડોલરના સંદર્ભમાં લક્ષ્યાંકો પૂરા થાય કે નહીં, પરંતુ નિકાસ રૂપિયાના સંદર્ભમાં વૃદ્ધિ દર્શાવશે. કારણ કે, ભારતીય ચલણ યુએસ ડોલર સામે સતત નબળું પડી રહ્યું છે. અગ્રવાલે કહ્યું, "અમે જે લક્ષ્યાંક નક્કી કર્યો છે તે પૂરો કરવો મુશ્કેલ જણાય છે, પરંતુ અમે સકારાત્મક દિશામાં આગળ વધતા રહીશું." ભાનુએ ઉમેર્યું હતું કે, વૈશ્વિક ભાવના દબાણ અને વેપારની અસ્થિરતા હોવા છતાં નાણાકીય વર્ષ 2024-25માં નિકાસ 30.47 અબજ ડોલર સુધી પહોંચી હતી, જે વર્ષ-દર-વર્ષ 9.4 ટકાની વૃદ્ધિ નોંધાવે છે.

## જો ક્રુડ ઓઈલના ભાવ 100 ડોલરની ઉપર રહેશે, તો ફુગાવો ફરીથી વધશે: એચએસબીસી

**ક્રુડ** ઓઇલના ભાવ વધશે તો ફુગાવો 6 ટકાની ઉપર જઇ શકે, આરબીઆઇએ વ્યાજદર વધારવા પડશે

નવી દિલ્હી, તા. 4: જો ક્રૂડ ઓઈલના ભાવ 100 ડોલર પ્રતિ બેરલથી ઉપર રહેશે તો મોંઘવારી 6 ટકાને પાર કરી જશે. આનો અર્થ એ છે કે તે આરબીઆઈની ફિક્સ્ડ રેન્જની બહાર જશે. આ પછી આરબીઆઈએ વ્યાજદરમાં વધારો કરવો પડશે. બ્રોકરેજ ફર્મ એચએસબીસીએ આ અંદાજ લગાવ્યો છે. મધ્ય પૂર્વમાં યુદ્ધને કારણે બ્રેન્ટ ક્રૂડની કિંમત છેલ્લા ઘણા દિવસોથી 100 ડોલરથી ઉપર રહી છે.

એ ચ એ સ બી સી ના અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે જો ક્રૂડ ઓઈલની સરેરાશ કિંમત 100 ડોલર પ્રતિ બેરલથી નીચે રહેશે તો રિટેલ ફુગાવો 6 ટકાથી નીચે રહેશે. આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે આરબીઆઇ તેની નાણાકીય નીતિની જાહેરાત કરવા જઈ રહી છે. આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટીની બેઠક 6 એપ્રિલથી શરૂ થશે. તેના પરિણામો 8 એપ્રિલે આવશે.

વિદેશી બ્રોકરેજ કંપનીના રિપોર્ટ પરથી એવું લાગે છે કે મોંઘવારી પર કાબૂ મેળવવા માટે આરબીઆઈ 8 એપ્રિલે રેપો રેટમાં વધારો કરી શકે છે. આરબીઆઈ માટે પડકાર રૂપિયાને ઘટતા બચાવવાનો છે. જો રિટેલ મોંઘવારી વધે છે તો તેને કાબૂમાં રાખવાનો પડકાર પણ આરબીઆઈ પર રહેશે. 28 ફેબ્રુઆરીએ મીડલઈસ્ટમાં લડાઈ શરૂ થઈ હતી. ત્યારબાદ ક્રૂડના ભાવમાં ઉછાળો આવ્યો હતો. મોંઘા ક્રુડના કારણે ઘણી વસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે. ક્રુડમાં થયેલા વધારાથી પરિવહન ખર્ચમાં વધારો થયો છે.

હમણાં જ રાજકોષીય અને નાણાકીય મોરચે તટસ્થ વલણ અપનાવવાની સલાહ આપવામાં આવી છે

એ ચ એ સ બી સી ના અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે રાજકોષીય અને નાણાકીય બંને મોરચે તટસ્થ વલણ અપનાવવું વધુ સારૂ રહેશે. આનું કારણ એ છે કે સપ્લાય હજુ સામાન્ય નથી, જેના કારણે માંગ વધતાં મોંઘવારી વધવાનું જોખમ ઊભું થશે. ક્રુડના ઊંચા ભાવની અસર ભારતીય અર્થવ્યવસ્થા પર પણ પડશે. ઘણા નિષ્ણાતોએ જીડીપી ગ્રોથમાં ઘટાડાની આગાહી કરી છે. અત્યાર સુધી ભારતનો વિકાસ સારો રહ્યો છે. મોંઘવારી પણ નિયંત્રણમાં હતી.

મોંઘા ક્રુડની અસર ઘણા ઉદ્યોગો પર દેખાવા લાગી છે. નિષ્ણાતો કહે છે કે મીડલઈસ્ટમાં યુદ્ધ સમાપ્ત થવાના કોઈ સંકેતો બતાવતા નથી. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 2 એપ્રિલે રાષ્ટ્રને તેમના સંબોધનમાં આક્રમક વલણનો સંકેત આપ્યો હતો. તેમણે ઈરાન પર હુમલા તીવ્ર બનાવવાની પણ વાત કરી હતી. જો આવું થાય છે, તો ક્રૂડના ભાવમાં હાલ નરમ પડવાની અપેક્ષા નથી.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૯ | ૫૦/૩૬ '' | ૧૪૬ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૦ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૬ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૦ |
| ૬૮/૩૬ | ૧૩૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૧ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૭ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૭ | ૮૦/૭૨ રોટો | ૧૩૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૯ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૮ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૩૦ | કોપરેલ | ૫૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૩૦ | વનસ્પતિ ઘી | ૨૪૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૦ | સનફ્લાવર | ૨૬૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૫૮૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૩૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સ્ટાન્ડર્ડ સોનું | ૧૫૩૬૦૦ |
| તેજાબી સોનું | ૧૫૩૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૫૯૨૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૦૫૩૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૩૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૧૫૦૦ |

### આજનું પંચાંગ

**તા. 05/04/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વિક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ: ત્રીજ : 12:00 - સંકષ્ટ ચતુર્થી,
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 15
**નક્ષત્ર :** વિશાખા : 24:08
**યોગ :** વ્રજ **કરણ:** બવ
**રાશિ:** તુલા (ર,ત) 17:29 પછી વૃશ્ચિક (ન.ય.)
**દિવસ :** અશુભ - ઇસ્ટર સન્ડે
**સુરતમાં સૂર્યોદય :** 06:30 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:53
**નવકારસી :** 07:18
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 24મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 16મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે : 16:30 થી 18:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** વિદેશથી શુભ સમાચાર મળે. અટકેલા કામ અને નાણા બાબતે પ્રગતિ થાય. જીવનસાથીનો સાથ.

**વૃષભ (બ,વ,ઉ,):** આરોગ્ય નરમ રહે. વધુ પડતો નિરંકુશ લોકોની પોલીસ ભીંસ વધે. ખર્ચા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** મિત્રો વગેરેને મદદ કરવાનો મોકો મળે. સામાજિક પ્રવૃત્તિ થાય. પ્રેમમાં પ્રગતિ થાય.

**કર્ક (ડ,હ,):** કાર્યસ્થળ પર નવા ફેરફારની યોજના બને. સ્વતંત્ર વેપાર-ધંધામાં આવક વધશે.

**સિંહ (મ,ટ,):** તીર્થ દર્શનનો લાભ મળે. ધાર્મિક સાહિત્યને લગતાં કામમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** પડવા-વાગવા આગ પાણી અને ચોર લૂંટારુંથી નુકસાન થઇ શકે છે. ખર્ચા વધશે.

**તુલા (ર,ત,):** પરિવારને મદદરૂપ બનશો. ઘરમાં નવા ફેરફારથી અનુકૂળતા વધે. પ્રવાસ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્ય નરમ રહે. માનસિક ચિંતા સતાવે. નવી ભાગીદારીની યોજનામાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** મિત્રોનો સાથ મળે. સંતાન ચિંતા રહે. પ્રેમમાં પ્રગતિ થાય. સ્વાર્થીઓથી સાવધાન.

**મકર (ખ,જ,):** આરોગ્ય નરમ રહે. ગુપ્તભય સતાવે. ધર્મકર્મથી શાંતિ મળે. પડવા-વાગવાથી સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** શુભ સમાચાર મળે. ઉચ્ચ કક્ષાના લોકોની મદદ મળે. ધાર્મિક યાત્રા થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** ગુપ્ત ભય સતાવે. શુભ સમાચાર મળે. ચોર- લૂંટારુથી સાવધાન. ખર્ચા વધશે.

### કોઈ પણ સાલમાં 05 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર નવી જવાબદારી, ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણે કામ કરવા પડશે. આર્થિક બાબતે સામાન્ય રહે. સમાજમાં માન વધે. પરિવારમાં પ્રભાવ વધે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. મિત્રો-વડીલોની મદદ સામાજિક કાયદાકીય, વારસા, જાયદાદ, વગેરેમાં મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમર લાયકના વિવાહ થાય. વેપાર-ધંધામાં અનુકૂળતા રહે. હરીફો વધશે. નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકૂળતા વધશે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને. સરકારી નોકરીની તક મળે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. મે-જૂન તથા ઓગસ્ટ-સપ્ટેમ્બર, બુધ શુક્ર અને 5,14, 23 તા. નવા કામ માટે લઇ શકાય. લીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. જૂન-જુલાઇ શનિવાર, 7,16, 25 તારીખ નવાં કામમાં લેવી નહીં. કાળો અને લાલ રંગ ઓછો વાપરવો.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ**

#### ઉનાળો આવ્યો છે

અમદાવાદના અમારા વૈદ્ય મિત્ર શ્રી તપન પટેલે ઉનાળા સામેના યુદ્ધમાં ઉપયોગી 12 સિદ્ધ વચન મોકલ્યા છે. એમના આભાર સહ વાચકોને ચરણે.

ઉનાળાનું પહેલું અમૃત ! ખારી, મીઠી છાશ! ૪/૫ ગ્લાસ પીવો ત્યારે મનમાં થાય છે હાશ.